# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ PRAGATIની બેઠકમાં ખાણો, રેલવે અને જળ સંસાધનોની મુખ્ય પરિયોજનાઓની સમીક્ષા કરી.

2) ઉત્તરપ્રદેશના આગ્રામાં આંતરરાષ્ટ્રીય બટાટા કેન્દ્રની સ્થાપના કરવાનો મંત્રીમંડળનો નિર્ણય.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ચીનના કિંગદાઓ ખાતે યોજાનારી શાંઘાઇ સહકાર સંગઠન- એસસીઓ સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

4) આગામી વર્ષથી CBSEની ધોરણ 10ની બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવાશે

5) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને લઈ જતું એક્સિઓમ-4 મિશન આજે બપોરે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક-ISS સાથે જોડાશે.

6) આગામી એક સપ્તાહ દરમિયાન ગુજરાત, મહારાષ્ટ્ર સહિતનાં અનેક રાજ્યોમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-PRGATI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે PRAGATIની 48મી બેઠકમાં ખાણો, રેલવે અને જળ સંસાધનોની મુખ્ય પરિયોજનાઓની સમીક્ષા કરી હતી. આર્થિક વિકાસ અને જાહેર કલ્યાણ માટે મહત્વની આ પરિયોજનાઓની સમીક્ષામાં સમયમર્યાદા, આંતર-એજન્સી સંકલન અને મુદ્દાઓના ઉકેલ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રોજેક્ટના અમલીકરણમાં વિલંબથી નાણાકીય ખર્ચમાં વધારો થાય છે અને નાગરિકોને આવશ્યક સેવાઓ અને માળખાગત સુવિધાઓ સમયસર મળી શકતી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# POTATO CENTRE

સરકારે ઉત્તર પ્રદેશના આગ્રામાં આંતરરાષ્ટ્રીય બટાટા કેન્દ્ર અને દક્ષિણ એશિયા પ્રાદેશિક કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. ગઈ કાલે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અંગે માધ્યમોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ કેન્દ્રની સ્થાપનાથી બટાટા અને શક્કરિયાની ઉત્પાદકતા, લણણી પછીના વ્યવસ્થાપન અને મૂલ્ય સંવર્ધનમાં સુધારો કરીને ખાદ્ય અને પોષણ સુરક્ષા, ખેડૂતોની આવક વધારવામાં અને રોજગારીનું સર્જન કરવામાં મદદ મળશે.

(BYTE ASHWINI VAISHNAV POTATO)

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે,  સરકારે ત્રણ હજાર 626 કરોડ રૂપિયાના ખર્ચે પૂણે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના વિસ્તરણની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH-SCO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ચીનના કિંગદાઓ ખાતે યોજાનારી શાંઘાઇ સહકાર સંગઠન- એસસીઓ સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. શ્રી સિંહ ગઈ કાલે સાંજે ચીન પહોંચ્યા હતા. આ બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રીઓ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા, આતંકવાદ વિરોધી પ્રયાસો અને સહયોગ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી શક્યતા છે.

શ્રી રાજનાથ સિંહ SCO ના સિધ્ધાંતો અને આદેશ પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબધ્ધતા પર ભાર મૂકે તેવી સંભાવના છે. આ બેઠકથી અલગ સંરક્ષણ મંત્રી ચીન અને રશિયા સહિતનાં કેટલાંક દેશોના સંરક્ષણ મંત્રીઓ સાથે દ્વીપક્ષીય ચર્ચા પણ કરશે.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન એ 2001 માં સ્થપાયેલી આંતરસરકારી સંસ્થા છે. ભારત 2017માં તેનું પૂર્ણ સભ્ય બન્યું હતું. તેનાં વર્તમાન સભ્યોમાં કઝાકિસ્તાન, ચીન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ઈરાન, બેલારુસ અને ભારતનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અમદાવાદના પ્રવાસે આવશે. શ્રી માંડવિયા સવારે ૧૦-૦૦ વાગ્યે સિલ્વર ઑક યુનિવર્સિટી ખાતે યુથ પાર્લામેન્ટમાં ઉપસ્થિત રહેશે તથા વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ બપોરે ત્રણ વાગ્યે જીએસસી બેંક, નારણપુરા શાખા, અમદાવાદ ખાતે સંવિધાન હત્યા દિવસ અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

સાંજે પાંચ વાગ્યે તેઓ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નવરંગપુરા ખાતે લેખક પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા દ્વારા લિખિત પુસ્તક 'મિસાવાસીની જેલ-ડાયરીનું વિમોચન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MOCK DRILL - AMARNATH YATRA

3 જુલાઈથી શરૂ થઈ રહેલી આગામી અમરનાથ યાત્રાની તૈયારી માટે સુરક્ષા દળોએ ગઈકાલે બાલતાલ બેઝ કેમ્પ ખાતે વ્યાપક સંયુક્ત મૉક ડ્રીલ હાથ ધરી હતી. આ કવાયત વરિષ્ઠ પોલીસ અધિક્ષક, ગાંદરબલની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી.

આ કવાયતમાં જમ્મુ- કાશ્મીર પોલીસ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ-NDRF, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ-SDRF, 49 બટાલિયન CRPF, ભારતીય સેના, આરોગ્ય અને અગ્નિશમન સહિતની અનેક એજન્સીઓની સંકલિત ભાગીદારી જોવા મળી હતી.

આ યાત્રાનું સમાપન 9 ઓગસ્ટના રોજ રક્ષાબંધનના અવસરે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . .

# CBSE- TWO EXAMS

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ આગામી વર્ષથી ધોરણ 10ની બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવાની જાહેરાત કરી છે. નવા માળખા અનુસાર, પ્રારંભિક પરીક્ષા ફેબ્રુઆરીમાં યોજાશે જે તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રહેશે. દરમિયાન, મે મહિનામાં લેવાનારી બીજી વૈકલ્પિક પરિક્ષામાં એવા વિદ્યાર્થીઓ બેસી શકશે જેઓ તેમનું પરિણામ સુધારવા માંગે છે.

પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમનું પરિણામ સુધારવા વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓમાંથી કોઈ પણ ત્રણ વિષયની પરીક્ષા ફરી આપી શકશે. ફેબ્રુઆરીમાં લેવાનાર પરિક્ષાનું પરિણામ એપ્રિલ અને મે મહિનાની પરિક્ષાનું પરિણામ જૂનમાં જાહેર કરવામાં આવશે.

આ પહેલ નવી શિક્ષણ નીતિ, 2020નો ભાગ છે, જેમાં વિદ્યાર્થીઓને એક જ શૈક્ષણિક વર્ષમાં બીજી તક આપીને પરિક્ષા સંબંધિત તણાવ દૂર કરવાની ભલામણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AXIOM-4 MISSION

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને લઈ જતું એક્સિઓમ-4 મિશન આજે બપોરે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક-ISS સાથે જોડાઈ જશે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ઇસરોનાં જણાવ્યા અનુસાર, ડોકીંગ ભારતીય સમય અનુસાર સાંજે સાડા ચાર વાગ્યે નિર્ધારિત છે.

આઇએસએસ સાથે ડોકીંગ કર્યા પછી ગ્રુપ કેપ્ટન શુક્લા નાસાની ઓર્બિટિંગ લેબોરેટરી ISSની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય બનશે. ચાર અવકાશયાત્રીઓને લઈને એક્સિઓમ-4 ગઈકાલે ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ભારતીય સમય અનુસાર બપોરે રવાના થયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD – WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ દરમિયાન દેશના ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ગુજરાત અને ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક, પૂર્વ રાજસ્થાન, ઝારખંડ, કેરળ, માહે, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓડિશા, પંજાબ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KHELO INDIA UNIVERSITY GAMES 2025

આ વર્ષે નવેમ્બરમાં રાજસ્થાનના જયપુરમાં ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2025નું આયોજન કરવામાં આવશે. યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ વર્ષે 200થી વધુ યુનિવર્સિટીઓમાંથી 4 હજારથી વધુ રમતવીરો 20 સ્પર્ધાઓમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

તેમણે જણાવ્યું યુનિવર્સિટી ગેમ્સ 25 વર્ષથી ઓછી ઉંમરના રમતવીરો માટે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JUNIOR HOCKEY BERLIN

ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમે બર્લિનમાં ચાલી રહેલી ચાર દેશોની ટુર્નામેન્ટમાં ત્રીજા સ્થાન માટેની સ્પર્ધામાં ઓસ્ટ્રેલિયાને 2-1 થી હરાવ્યું હતું. રોહિતે ભારત માટે બરાબરીનો ગોલ કર્યો અને અજીત યાદવે ચોથા ક્વાર્ટરમાં ગોલ કરીને જીત મેળવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NATO- SUMMIT

નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન-નાટોના તમામ સભ્યો 2035 સુધીમાં સંરક્ષણ ખર્ચ વધારીને જીડીપીના 5 ટકા સુધી કરવા માટે સંમત થયા છે. હેગમાં યોજાયેલા નાટો શિખર સંમેલનમાં જાહેરનામામાં નેતાઓએ જણાવ્યું હતું કે સંરક્ષણ પ્રતિજ્ઞામાં મુખ્ય સંરક્ષણ જરૂરિયાતોમાં દર વર્ષે જીડીપીના ઓછામાં ઓછા 3.5 ટકાનાં રોકાણનો સમાવેશ થાય છે.

નાટોના વડા રુટ્ટેએ જણાવ્યું હતું કે આ વર્ષે યુક્રેન માટે લશ્કરી સહાય ગયા વર્ષની 58 અબજ ડોલર કરતાં વધી જવાની શક્યતા છે.

શિખર સંમેલનમાં બોલતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડે કહ્યું કે, સૈન્ય હાર્ડવેર પર વધારાના નાણાં ખર્ચવા જોઈએ. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની યુક્રેનની બહાર પણ પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓ હોય તે શક્ય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

આજના તમામ અખબારોમાં 41 વર્ષ પછી ભારતની અંતરીક્ષ યાત્રાના સમાચાર હેડલાઈનમાં જોવા મળી રહ્યા છે..

દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે સારે જહાં સે અચ્છા... 41 વર્ષ પછી અંતરિક્ષના પ્રવાસે રવાના થયો તિરંગો...

સંદેશ અખબારનું મુખ્ય શિર્ષક છે ભારતના શુભાંશુ શુક્લા ISSની ઐતિહાસીક સફરે...

ભારત માટે સુવર્ણ અવસર- શુભાંશુ શુક્લા અવકાશની સફરે આ હેડલાઈન છે ગુજરાત સમાચારની...

રાજસ્થાન પત્રિકાની હેડલાઈન છે... અંતરિક્ષમેં ગુંજા, જય હિંદ...

નવગુજરાત સમયે લખ્યુ છે કે 2026થી CBSE ધો. 10 બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વાર યોજાશે...

આ સાથે જ તમામ અખબારોએ છાપેલા સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો મણિનગર- ઓઢવમાં ચાર, શહેરમાં સરેરાશ પોણા બે ઈંચ વરસાદથી જળબંબાકાર... આગામી 4 દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી...સરપંચોનો સંગ્રામ- ગ્રામપંચાયતોનું પરિણામ, ગામડાઓમાં જશ્નનો માહોલ,,,,સરકારના 9 વિભાગના 18 હજાર કરોડના 21 હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટસની કામગીરીની સમીક્ષા...સુરતમાં બેંક એકાઉન્ટ ભાડે રાખી 100 કરોડના સાઈબર ફ્રોડમાં ઈડિના દરોડા જેવા સમાચાર

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .